# શ્રી ભગવાન મહાવીર સ્વામી

## નું શાસન

# શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ : સિધ્ધાંત બોધ લેવો અને સિધ્ધાંત બોધ આપવો

## ■ સ્વભાવ સાર ■

**હે સ્વભાવ સ્વરૂપ,**

**તું તારા જ અંતરંગી સ્વભાવથી અપરિચિત શા માટે ? તે તારા જ સ્વભાવને શા માટે ન જાણ્યો ? તે તારા જ સ્વભાવને શા માટે ન માન્યો? તે તારા જ સ્વભાવને શા માટે ન ઓળખ્યો ?** **‘‘કારણ’’**

**અનંત ભવભ્રમણથી તે તારા માનેલાં સ્વભાવને (વિભાવને) સ્વભાવ માનીને સ્વભાવમાં રહેવાની ટેવ પાડી.**

**‘‘ટેવ પડવાનું કારણ’’**

**તે સ્વભાવ(વિભાવ)ને સ્વભાવ માન્યો, તે સ્વભાવ ગમ્યો, તેવા સ્વભાવ (વિભાવ)વાળાનો સંગ કર્યો, તેવા સ્વભાવવાળા ગમ્યા, તેવા સ્વભાવવાળાનું સ્મરણ કર્યું અને તેના જ સતત સ્મરણથી તારા મૂળ સ્વભાવનું વિસ્મરણ કર્યું (તું તારા સ્વભાવથી અપરિચિતપણું પામ્યો).**

**‘‘તારા સ્વભાવનાં પરિચિતપણા માટે’’**

**‘‘જેનું વિસ્મરણ કરવાનું હતું તેનું સ્મરણ કર્યું, જેનું સ્મરણ કરવાનું હતું તેનું વિસ્મરણ કર્યું’’. વિસ્મરણનું સ્મરણ કરવા માટે, તારા સ્વભાવનાં પરિચિતપણા માટે, તેવા પ્રગટેલા સ્વભાવવાળાને શોધ (સત્યની ઝુરણા ધારણ કરીને), તેવા સ્વભાવવાળાને ઓળખ (પૂર્વગ્રહ છોડીને, ગુણગ્રાહી બનીને), તેવા સ્વભાવવાળાની સમીપે બેસ (ઊંચ-નીચ, નાના-મોટા, સંસારી-ત્યાગીનો આગ્રહ છોડીને). અને તેવા સ્વભાવવાળાનો સંગ કરીને તેને રમાડ-ગમાડ (બુધ્ધિની નિર્મળતા કરીને) અને પછી તેનાં સ્વભાવને તારામાં તારો સ્વભાવ પ્રગટાવ, તેનાં અનુભવને તારો અનુભવ બનાવ, તેના જ્ઞાનને તારૂં જ્ઞાન બનાવ, ‘‘તેની દ્રષ્ટિને તારી દ્રષ્ટિ બનાવ’’. અને તેનાં ધારણ કરેલા ધર્મને તારો ધર્મ બનાવ. તેજ દેહાતિતપણું છે, તેજ વિદેહી દશા છે, તેજ દેહાધ્યાસ છૂટવાપણું છે, તેજ સદેહે દેહનું ભુલવાપણું છે. અને એજ સદેહે મોક્ષ સ્વરૂપનું (આનંદનું) અનુભવવાપણું છે.**

**‘‘અને તેજ ભવમુક્તિ અને જીવનમુક્તિ છે’’.**

# જૈનો જાગો

**લેખાંક : ૨૭**

**લેખાંકો ૧ થી ૫૮, તા. ૫-૧-૨૦૦૦ થી પુનઃ મુદ્રણ**

શ્રી તીર્થંકર પરમાત્માએ અને જ્ઞાની મહાપુરૂષોથી લઈને શ્રી કેવળી ભગવંતોએ અને શાસ્ત્રકારોએ જે બોધની દુર્લભતા જીવો માટે બતાવી છે, તેવા સિધ્ધાંતબોધ (આત્મબોધ)ની દુર્લભતા શા માટે? તેની વિચારણા કરીએ.

*** સત્સંગ ***

**જે જ્ઞાનથી જીવે, તેનાં આનંદીત સ્વભાવને, આનંદીતપણામાં લાવવા, આનંદીતપણું અનુભવવા, તેનાં આનંદીત સ્વભાવનાં ભાવને આનંદ સહિત, આનંદમાં લાવીને, આનંદ આનંદ થઈને, પરમ આનંદમાં જઈને, નિત્યાનંદપણું પામીને, અખંડ આનંદમાં સ્થિર થઈને, કેવળ આનંદ તરફનાં માર્ગે ગતિ કરે, તે માર્ગને આનંદમાર્ગ, સિધ્ધાંત માર્ગ, મોક્ષમાર્ગ કહેવાય.**

**‘‘મોક્ષમાર્ગ મળવો અત્યંત મુશ્કેલ છે મળે તો તે માર્ગમાં ચાલવું સરળ છે’’.**

સિધ્ધાંતબોધ (આત્મધર્મ) અમૂલ્ય અને અલભ્ય શા માટે ? તો તેનું મુખ્ય કારણ જ્યારે સિધ્ધાંતબોધનાં ધારકો અને અનુભવીઓ ઘણા હોય (સતયુગ, ચોથા આરામાં) ત્યારે બાળજીવોને સંજોગની બહુ મોટી પ્રતિકુળતા હોય, (સમુહ કુટુંબ વ્યવસ્થા, ઘરનાં વડિલની આજ્ઞાંકિતપણાંમાં ધર્મમાં રહેવાનું અને રાજ્યશાસિતનાં આશ્રયે ધર્મ કરવાનો) અને જ્યારે સંજોગો અનુકુળ હોય (કળિયુગ, પાંચમા આરામાં) ત્યારે સિધ્ધાંતબોધનાં ધારક અને અનુભવીનો બળવાન વિયોગ હોય માટે ટૂંકમાં **જ્ઞાનીઓના યોગ વખતે સંજોગ પ્રતિકુળ, અને સંજોગની અનુકુળતાએ જ્ઞાનીઓનો વિયોગ** આ અવસ્થા સર્વ સમયે હોવાથી જીવને અમૂલ્ય અને અલભ્ય એવો સિધ્ધાંત બોધ મળવો અત્યંત મુશ્કેલ છે. એવા મળવા મુશ્કેલ સિધ્ધાંત બોધની આગળનાં લેખાંકના અનુસંધાનમાં વિશેષ વિચારણા કરીએ.

૧૧૮. જે બોધની સમજણથી જીવને આત્મતત્વનો સ્વભાવ પૂર્ણ કરૂણામય અને આનંદ સ્વરૂપની જાણકારી મળે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૧૯. જે બોધની સમજણથી જીવે અહિંસકપણું પામવાનું જ્ઞાન મેળવ્યું તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૨૦. જે બોધની સમજણથી જીવે નિર્ભયપણું પામવાનું જ્ઞાન મેળવ્યું તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૨૧. જે બોધની સમજણથી જીવે સ્વાવલંબીપણું (અયાચકપણું) પામવાનું જ્ઞાન મેળવ્યું તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૨૨. જે બોધની સમજણથી જીવે ‘અગુરૂ-અલઘુ’પણાનો ભાવ જાણ્યો, તે જેનાથી જાણ્યું તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૨૩. જે બોધની સમજણથી જીવને આત્મતત્વનાં બંધારણનું (અસંખ્યાત પ્રદેશનો બનેલો અને સર્વ પ્રદેશો જ્ઞાનમય) જ્ઞાન સમજાય તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૨૪. જે બોધની સમજણથી જીવ આત્મતત્વનું કાર્યપણું (કર્મરજથી મલીન અધઃપતન અને કર્મરજથી મુક્ત ઉર્ધ્વગમન) જાણવામાં આવે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૨૫. જે બોધની સમજણથી જીવને આત્મતત્વનું ચૈતન્યપણું (સદા ઉપયોગી) જાણવામાં આવે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૨૬. જે બોધની સમજણથી જીવને આત્મતત્વનું ઉગમસ્થાન (નિગોદ) અને અંતિમ સ્થાન સિધ્ધ શિલા(સિધ્ધ ક્ષેત્ર)ની જાણકારી મળે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૨૭. જે બોધની સમજણથી જીવને આત્મતત્વનું સ્વપ્રકાશીતપણું અને પરપ્રકાશીતપણું જાણવા મળે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૨૮. જે બોધની સમજણથી જીવને આત્મતત્વનું જ્ઞાતા-દ્રષ્ટાપણું સમજમાં આવે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૨૯. જે બોધની સમજણથી જીવને આત્મતત્વનું ત્રિકાળદર્શીપણું અને શાશ્વતપણું જાણવા મળે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૩૦. જે બોધની સમજણથી જીવે આત્મતત્વની ગતિ, [એક સમયે દેહ છોડીને એજ સમયે સિધ્ધ ક્ષેત્ર(મોક્ષ)માં (કેવળજ્ઞાનના ભવે) સ્થિરતા અને ભવભવાંતરમાં કર્મને કારણે ઉપર, નીચે, તિરછી] વિગેરે જાણવા જે જ્ઞાનથી મળે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

*** સત્સંગનું ફળ ***

**જે જ્ઞાનથી જીવે, અનુભવીનાં અનુભવને અનુભવવા માટે તે અનુભવીતાને અનુભવતાં અનુભવતાં અનુભવીનું અનુભવીપણું અનુભવમાં અનુભવ્યું, તે અનુભવને અનુભવ જ્ઞાન અથવા સિધ્ધાંતનું ભવ જ્ઞાન (સિધ્ધાંત બોધ) કહેવાય.**

૧૩૧. જે બોધની સમજણથી જીવને આત્મતત્વના અનેક ગુણો અને તેનાં સ્વરૂપનું પૂર્ણ જ્ઞાન જેમાંથી મળે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૩૨. જે બોધની સમજણથી જીવને આત્મતત્વનું કર્મરજથી બંધનદશા અને કર્મરજથી મુક્તતા એ મોક્ષદશા એવું જ્ઞાન જેમાંથી મળે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

**‘‘જ્યાં સિધ્ધાંત બોધ છે, ત્યાં સમકિત છે. જ્યાં સિધ્ધાંત બોધ નથી, ત્યાં મિથ્યાત્વ છે.’’**

**‘‘જ્યાં સિધ્ધાંત બોધ છે, ત્યાં મોક્ષ છે. જ્યાં સિધ્ધાંત બોધ નથી, ત્યાં ભવભ્રમણ છે.’’**

આવતા લેખાંકમાં યોગે કરીને સિધ્ધાંત બોધની વિશેષ વિચારણા કરીશું.

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.